


A FORTNIGHTLY NEWSLETTER FROM NRGS' FOUNDATION

# NRG TIMES


CONNECTING GUJARATIS' DIASPORA GLOBALLY

પ્રકાશક : એનઆરજી ફાઉન્ડેશન, ગાંધીનગર

તા. ઓક્ટોબર ૧૫, ૨૦૨૧ • આસો સુદ ૧૦, સંવત ૨૦૭૭



Gujarat State Non-Resident Gujaratis' Foundation
(A Government of Gujarat Organization)


**Shri Bhupendra Patel**
Hon'ble Chief Minister
Gujarat State


**Shri Harsh Sanghvi**
Hon'ble Minister of State
for NRGs (Independent Charge),
Govt. of Gujarat


**Shri Dhananjay Dwivedi(I/C), IAS**
Hon'ble Chairman, GSNRGF
Secretary (NRI),
Govt. of Gujarat


**Shri Vikramsinh Jadav**
Director
GSNRGF

Contact Address

**Gujarat State Non-Resident Gujaratis' Foundation**
Block No. 16, 3rd Floor,
Udhyog Bhavan, Sector - 11,
Gandhinagar.

Phone : +91-79-23238278

E-mail : nrgfoundation@yahoo.co.in

www.facebook.com/GSNRGF



FOR
PRIVATE CIRCULATION ONLY


## 'ઇન્ડીયા ટુ ડે હેલ્થગીરી એવોર્ડ ૨૦૨૧' અંતર્ગત ગુજરાતને કોરોના વેકસીનેશનમાં શ્રેષ્ઠ કામગીરીનો એવોર્ડ

કોવિડ-૧૯ વેકસીનેશનમાં ગુજરાતે દેશભરના મોટા રાજ્યોની કેટેગરીમાં શ્રેષ્ઠતમ દેખાવ દ્વારા બેસ્ટ વેકસીનેશન કોમ્બેટીંગ કોવિડ-૧૯નો એવોર્ડ મેળવવાની ગૌરવ સિદ્ધિ મેળવી છે. નવી દિલ્હીમાં આયોજીત એવોર્ડ વિતરણ સમારોહમાં ગુજરાતને 'ઇન્ડીયા ટુ ડે હેલ્થગીરી એવોર્ડ ૨૦૨૧' અંતર્ગત આ ગૌરવ સન્માન કેન્દ્રીય આરોગ્ય મંત્રી શ્રી મનસુખભાઇ માંડવીયાએ એનાયત કર્યું હતું. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે કોરોના વેકસીનેશન સાથે સંકળાયેલા રાજ્યના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના સૌ કર્મયોગીઓની કર્તવ્યનિષ્ઠાને બિરદાવી આ સિદ્ધિ માટે અભિનંદન પાઠવ્યા છે. આરોગ્ય વિભાગે સઘન કોરોના રસીકરણ ઝુંબેશ આદરીને ૪,૨૧,૮૬,૫૨૮ પ્રથમ ડોઝ અને ૧,૯૨,૪,૬૧૧ બીજો ડોઝ મળીને કુલ ૬ કરોડ ૧૩ લાખ ૯૧ હજારથી વધુ ડોઝ આપ્યા છે. સમગ્ર રાજ્યના જિલ્લાઓમાં કુલ મળીને ૮૨.૭ ટકા તેમજ કોર્પોરેશન વિસ્તારોમાં ૯૩.૯ ટકાને પ્રથમ ડોઝ અપાઇ ગયા છે. રાજ્યના કુલ ૧૮૨૧૫ ગામોમાંથી ૧૩૭૮૮ ગામોમાં ૧૦૦ ટકા રસીકરણ પૂર્ણ કરી દેવાયું છે. આ ઉપરાંત, અમદાવાદની યુ.એન.મહેતા ઇન્સ્ટીટ્યુટ ઓફ કાર્ડીયોલોજી એન્ડ રિસર્ચ સેન્ટરને કોવિડ-૧૯ દરમિયાન એકસલન્સ ઇન હોસ્પિટલ મેનેજમેન્ટનો ધી ઇકોનોમીક ટાઇમ્સ હેલ્થકેર એવોર્ડ-૨૦૨૧ પણ એનાયત થયો છે.

(Source : https://cmogujarat.gov.in)

## મુખ્યમંત્રીશ્રી દ્વારા વાયબ્રન્ટ સમિટમાં સહભાગી થવા ઇઝરાયલને નિમંત્રણ



મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની સૌજન્ય મુલાકાત મુંબઇ સ્થિત ઇઝરાયલી કોન્સ્યુલ જનરલ શ્રી કોબ્બી શોષાનીએ ગાંધીનગર ખાતે લીધી હતી. મુખ્યમંત્રીશ્રીએ આગામી વાયબ્રન્ટ સમિટ ૨૦૨૨માં ઇઝરાયલ સહભાગી થાય તેવું નિમંત્રણ આપતાં અગાઉની વાયબ્રન્ટ સમિટમાં ઇઝરાયલના પ્રતિનિધિમંડળોની મુલાકાત તેમજ પૂર્વ વડાપ્રધાન શ્રી નેતન્યાહૂની ગુજરાતની સફળ મુલાકાતની સ્મૃતિ તાજી કરી હતી. મુખ્યમંત્રીશ્રીએ વોટર મેનેજમેન્ટ અને સાયબર સિકયુરિટીની ઇઝરાયલની એકસપર્ટીઝનો ગુજરાતને લાભ મળે તે માટે તત્પરતા દર્શાવી હતી. (Source : https://cmogujarat.gov.in)

## મુખ્યમંત્રીશ્રીની સૌજન્ય મુલાકાતે ભારતસ્થિત બ્રિટીશ હાઇકમિશનર




મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની સૌજન્ય મુલાકાત ભારત સ્થિત બ્રિટીશ હાઇકમિશનર શ્રી એલેક્સ એલીસ અને ડેપ્યુટી હાઇકમિશનર શ્રી પીટર કૂકે ગાંધીનગરમાં લીધી હતી. બ્રિટીશ હાઇકમિશનરે ગુજરાતી સમુદાયોએ - ડાયસપોરાએ બ્રિટીશ-યુ.કે.ના વેપાર-વણજ ક્ષેત્રે મેળવેલી સિદ્ધિઓ અને યોગદાનની સરાહના કરતાં ગુજરાત-યુ.કે વચ્ચેના સંબંધોનો સેતુ વધુ સુદ્રઢ બનાવવાની હિમાયત કરી હતી. મુખ્યમંત્રીશ્રીએ પણ જણાવ્યું કે ઉચ્ચ અભ્યાસ માટે યુ.કે હંમેશા ગુજરાતના વિદ્યાર્થીઓ માટે પસંદગીનું સ્થળ રહ્યું છે.

(Source : https://cmogujarat.gov.in)

વહાલા બિન નિવાસી ગુજરાતી મિત્રો,
NRG Times માટે આપનો પ્રતિભાવ તેમજ કોઇ સુચન હોય તો મોકલી આપવા વિનંતી છે. જેથી આપના માટે પ્રકાશિત થતાં આ મેગેઝીનને વધુ ઉપયોગી બનાવી શકાય.

## નડિયાદના વીણા ગામની દીકરી માહી પટેલે અમેરિકન આર્મીમાં સ્થાન મેળવ્યું



મૂળ નડિયાદના વીણા ગામની ૨૨ વર્ષીય દીકરી માહી પટેલે અમેરિકાની આર્મીમાં સ્થાન મેળવ્યું છે, જે ગુજરાત માટે જ નહીં, પણ સમગ્ર દેશ માટે ગૌરવની વાત છે. વીણા ગામના જિજ્ઞેશભાઈ અને રૂપલબેન વર્ષો પહેલાં અમેરિકામાં સ્થાયી થયાં હતાં, જ્યાં તેમણે ઈન્ડિયન ગ્રોસરી સ્ટોરના નાનકડા વ્યવસાયથી શરૂઆત કરી હતી. માહી પટેલ નાનપણથી આર્મીમાં જોડાવા માગતી હતી. કૉલેજ દરમિયાન તેણે લશ્કરી તાલીમ લીધી હતી. ત્યાર બાદ માહીએ અમેરિકન આર્મીમાં જોડાવા માટેની લશ્કરી પરીક્ષા પાસ કરી હતી અને આજે તેણે પોતાનું સપનું સાકાર કર્યું છે.

(Source : www.divyabhaskar.co.in)

## લૉસ એન્જલસ ખાતે ગુજરાતી દંપતી દ્વારા ફેશન વીકનું આયોજન



અમેરિકામાં વસેલા ગુજરાતી દંપતી સ્મિતા અને કિશોર વસંત દ્વારા સંચાલિત સંસ્થા દ્વારા ફેશન વીકનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ફેશન ડીઝાઇનર્સ દ્વારા વિવિધ ફેશનના વસ્ત્રો રજૂ થયા હતા સાથે જ જ્વેલરી, રેડીમેઇડ ગારમેન્ટ્સના સ્ટોલ દ્વારા પ્રદર્શન યોજાયું હતું જેની બે હજારથી વધુ લોકોએ મુલાકાત લીધી હતી. ફેશન વીકના છેલ્લા દિવસે ફેશન શૉનું આયોજન થયું હતું. આ આયોજનમાં ઇન્ડો અમેરિકન કલ્ચરલ સોસાયટી ઓફ નોર્થ અમેરિકાના પ્રેસિડન્ટ, લેબોન હોસ્પિટાલિટી ગ્રુપના યોગી પટેલ અને કલ્ચરલ સોસાયટીના ચેરમેન પરિમલ શાહનો સહયોગ રહ્યો હતો.

(Source : https://sandesh.com)

## મોરબી નજીકના બગથળા ગામનો વતની યુવાન કેનેડાનો સૌથી યુવા નોટરી બન્યો



મોરબીના બગથળા ગામના વતની ડૉ. હસમુખભાઈ મેરજા બગથળા ગામમાં જ હાઈસ્કૂલ સુધી અભ્યાસ કરી બાદમાં વેટરનરી ડોક્ટર બન્યા અને ૨૦૦૧થી કેનેડામાં સ્થાયી થયા છે. હસમુખભાઈનો પુત્ર વિસ્મય પાંચ વર્ષનો હતો ત્યારે મેરજા પરિવાર કેનેડા જઈ સ્થાયી થયો હતો. વિસ્મય નાનપણથી જ ભણવામાં ખૂબ હોંશિયાર હતો. વિસ્મયે ખૂબ જ અઘરી ગણાતી LSAT (લૉ સ્કૂલ એડમિશન ટેસ્ટ) સારા માર્ક્સ સાથે પાસ કરી લંડન સ્કુલ ઓફ ઇકોનોમિકસમાં એડમિશન લીધું. વિસ્મયે વકીલ બનતા પહેલા ટોરેન્ટો પોલીસમાં પણ કામ કરેલું અને ૨૩ વર્ષની વયે તેઓ કેનેડાના સૌથી યુવાન નોટરી બની ગયા છે. તેઓની ઈચ્છા કેનેડાના સૌથી નાની વયના ન્યાયધીશ બનવાની છે.

(Source : www.divyabhaskar.co.in)

## ABPL ગ્રૂપ દ્વારા 'સેવા રત્ન સન્માન'નો કાર્યક્રમ યોજાયો




ABPL ગ્રૂપ દ્વારા ૩ ઓક્ટોબર, ૨૦૨૧ના રોજ લંડનના ધામેચા લોહાણા સેન્ટર ખાતે 'સેવા રત્ન સન્માન'ના વિશિષ્ટ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કોવિડ-૧૯ મહામારીના કટોકટીપૂર્ણ સમયગાળામાં જે લોકોએ કોમ્યુનિટીની સેવા કરી હતી તેઓની કદર કરવા, સન્માનવા અને આભારની લાગણી વ્યક્ત કરવા યોજાયેલ આ કાર્યક્રમમાં યુકે સ્થિત ભારતના હાઈ કમિશનર ગાયત્રી ઈસાર કુમાર, લૉર્ડ ભીખુ પારેખ, લૉર્ડ ડોલર પોપટ, હેરોના મેયર કાઉન્સિલર ગજનફર અલી, પ્રદીપ ધામેચા, અશોક કુમાર ચૌહાણ MBE, સ્ક્વોડ્રન લીડર આમીર ખાન (RAF), વિટાબાયોટિક્સના ડૉ. કરતાર લાલવાણી, NHSના પ્રતિનિધિ ડૉ. આર.આર. ગંડેચા અને અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

(Source : www.gujarat-samachar.com)

## પર્યાવરણ જાગૃતિ માટે NRIની અનોખી પહેલ



અમેરિકામાં એમ. નિલ લિમિટેડ કંપનીમાં કામ કરતા NRI ચેતનભાઈ પટેલ દેશસેવા કરવા અવારનવાર દેશમાં આવતા હોય છે. આ વખતે તેમણે પર્યાવરણની ચિંતા કરી જાગૃતિ ફેલાવવા નવતર પ્રયોગ કર્યો છે. નવસારી જિલ્લાના ટાંકલ ગામના ચેતનભાઈ પટેલને પર્યાવરણનું જતન કરવા માટે વિચાર આવ્યો અને તેમણે નિર્ણય કરી ૨૫૬ જેટલા વૃક્ષોની કલમ તેમણે ગામની શાળાના વિદ્યાર્થીઓને આપી અને તેને ઘરના આંગણામાં વાવવા કહ્યું છે અને તેના ખાતરની જવાબદારી પણ દાતાના શિરે રહેશે. જ્યારે તેઓ અમેરિકાથી પાંચ વર્ષ બાદ આવશે અને જો વૃક્ષ મોટું હશે અને તેની યોગ્ય રીતે જાળવણી થઈ હશે તો દરેક વિદ્યાર્થીને પાંચ વર્ષ માટે ૫૦૦૦ની FD આપશે તેવી જાહેરાત કરી હતી. સાથે જ આગામી સમયમાં ૧૫ હજાર જેટલી કલમના વિતરણ કરવાનું આયોજન કરવામાં આવ્યું છે.

(Source : www.divyabhaskar.co.in)

## સુરતના રમન રામાને અમેરિકામાં પ્રતિષ્ઠિત એવોર્ડ



રમનભાઈ રામા અમેરિકામાં હોટેલ ઈન્ડસ્ટ્રીમાં ડંકો વગાડી રહ્યા છે. તાજેતરમાં ડેલ્લાસ ટેક્સાસમાં યોજાયેલ હોસ્પિટાલિટી ઈન્ડસ્ટ્રી ટેકનૉલોજી એક્સ્પોઝિશન એન્ડ કોન્ફરન્સ (HITEC)માં તેમને સન્માનીત કરવામાં આવ્યા છે. આ અગાઉ ૨૦૧૬માં તેમને પેરગોન એવોર્ડ પણ મળ્યો છે. રમન રામા RP તરીકે લોકોમાં ચાહના ધરાવે છે. કોરોનાકાળમાં તેમણે અનેક દર્દીઓ અને હોસ્પિટલોને મદદ કરી છે. તેઓ જોય ઓફ એમેરિકાના પણ પ્રમોટર છે. અરવિંદ યોગીને અનુસરતા રામા પરિવારે સુરતમાં ઓરો યુનિવર્સિટીની સ્થાપના પણ કરી છે.

(Source : www.akilanews.com)

# ગુજરાત બહાર વસતા ગુજરાતીઓએ રચેલી સંસ્થાને સમાજ ભવનના નિર્માણ માટે ગુજરાત સરકાર દ્વારા આર્થિક સહાય

ગુજરાત સરકાર દેશવિદેશમાં રહેતા ગુજરાતીઓની હરહંમેશ પડખે છે. ગુજરાત બહાર અન્ય રાજ્યોમાં વસતા ગુજરાતીઓએ રચેલી સંસ્થાઓને ગુજરાતી સમાજ ભવનના બાંધકામ, તૈયાર મકાનની ખરીદી કે હયાત મકાનના વિસ્તરણ માટે આર્થિક સહાય આપવાની યોજના રાજ્ય સરકાર દ્વારા અમલમાં મૂકાયેલી છે.

રાજ્ય સરકાર દ્વારા કરાયેલ ઠરાવની જોગવાઈઓ અનુસાર અન્ય રાજ્યમાં વસતા ગુજરાતીઓએ રચેલી સંસ્થાઓને નિશ્ચિત શરતોને આધીન ગુજરાતી સમાજ ભવનના બાંધકામ, ખરીદી કે વિસ્તરણ હેતુ માટે તથા મરામત, સમારકામ કે નવીનીકરણના ખર્ચ પેટે આર્થિક સહાય મંજૂર કરવા ઠરાવેલ છે. અગાઉ આ ઠરાવની જોગવાઇ અન્વયે સમાજ ભવનના બાંધકામ માટે સંભવિત ખર્ચના ૨૫ ટકા અથવા રૂપિયા ૨૨ લાખ બેમાંથી જે ઓછું હોય, તે મુજબ આર્થિક સહાય મંજૂર કરવામાં આવતી હતી.

તા, ૩૦-૮-૨૦૧૯ના ઠરાવથી આ જોગવાઇઓમાં સુધારો કરવામાં આવ્યો છે, જે મુજબ હવે સમાજ ભવનના બાંધકામ માટે વધુમાં વધુ ૪૦ લાખ રૂપિયા અથવા ખરેખર ખર્ચના ૪૦ ટકા બેમાંથી જે ઓછી હોય તે રકમ સહાય તરીકે મંજૂર કરવાની અને મંજૂર થયેલ સહાય પૈકી બાંધકામ લિન્ટલ લેવલ સુધીનું થાય ત્યારે મંજૂર થયેલ સહાયની ૫૦ ટકા રકમ અને બાકીની ૫૦ ટકા રકમ બાંધકામનું કાર્ય પૂર્ણ થયા અંગેનું પ્રમાણપત્ર રજૂ કર્યા પછી ચૂકવવાની જોગવાઈ કરવામાં આવેલ છે.

ગુજરાત સરકારે બિન નિવાસી ગુજરાતીઓ પ્રત્યે હંમેશા ઉદાર ભાવના દાખવી મહત્વના નિર્ણયો કર્યા છે. અન્ય રાજ્યમાં આવેલ ગુજરાતી સમાજ ભવનના બાંધકામ, તૈયાર મકાનની ખરીદી કે હયાત મકાનના વિસ્તરણ માટે સહાયની રકમમાં વધારો કરીને વધુમાં વધુ રૂ. ૪૦ લાખ અથવા ખરેખર થયેલ ખર્ચના ૪૦ ટકા બેમાંથી જે ઓછુ હોય તેટલી રકમ તેમજ હયાત સમાજ ભવનના મરામત માટે સહાયની રકમમાં વધારો કરીને વધુમાં વધુ રૂ. ૧૦ લાખ અથવા ખરેખર થયેલ ખર્ચના ૪૦ ટકા બેમાંથી જે ઓછુ હોય તેટલી રકમ ચૂકવવાનો નિર્ણય કરાયો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે, રાજ્ય સરકારે અત્યાર સુધીમાં દેશના ૯ રાજ્યોમાં આવેલા ૨૨ ગુજરાતી સમાજોને સમાજ ભવનના નિર્માણ કે મરામત માટે અંદાજિત રૂ. ૧ કરોડ ૯૦ લાખની સહાય ચૂકવી છે. છેલ્લા ૨ વર્ષમાં છત્તીસગઢના ભિલાઈનગર ખાતેના ગુજરાતી સમાજ, આસામના ગૌહાતી ખાતેના ગુજરાતી સમાજ, આંધ્રપ્રદેશના વિશાખાપટ્ટનમ ખાતેના ગુજરાતી સમાજ અને ઓરિસ્સાના ભદ્રક ખાતેના ગુજરાતી સમાજ માટે આર્થિક સહાય મંજૂર કરવામાં આવી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે આ સહાય કેટલીક શરતોને આધિન આપવામાં આવે છે, જેવીકે:

- આ સમાજ ભવનનો ઉપયોગ મૂળ ગુજરાતની કોઈ પણ વ્યક્તિને નાત, જાત, ધર્મ કે અન્ય ભેદભાવ સિવાય કરવા દેવાનો રહેશે.
- ઉક્ત સમાજ ભવનનો ઉપયોગ સાંસ્કૃતિક, શૈક્ષણિક, સામાજિક, કલા વિષયક અને કલ્યાણકારી પ્રવૃતિઓ માટે જ કરવાનો રહેશે.
- સમાજ ભવનના બાંધકામનું કામ વધુમાં વધુ ત્રણ વર્ષમાં પૂર્ણ કરવાનું રહેશે.
- સમાજ ભવનના બાંધકામનું કાર્ય પૂર્ણ થયે ખરેખર થયેલ ખર્ચની વિગતો રજૂ કરવાની રહેશે.
- આ સહાય મળી ગયા બાદ પણ સંસ્થાએ તેના વાર્ષિક હેવાલ નિયમિત રીતે ગુજરાત સરકારને મોકલવાના રહેશે.
- આ સંસ્થાનું વિસર્જન થાય ત્યારે તેના મકાનના યોગ્ય નિકાલ વખતે સંસ્થાએ ગુજરાત સરકારનો સંપર્ક સાધવાનો રહેશે અને ગુજરાત સરકારે આપેલ સહાયની રકમ વેચાણ કિંમતમાંથી પરત કરવાની રહેશે.

## બિન-નિવાસી ગુજરાતીઓને પ્રતિષ્ઠાન સાથે જોડાવા આહ્વાન



અત્યાર સુધીમાં અનેક બિન-નિવાસી ગુજરાતીઓ ગુજરાત રાજ્ય બિન-નિવાસી ગુજરાતી પ્રતિષ્ઠાન સાથે જોડાઇ ચૂક્યા છે.

**આપ જોડાયા?**

જો આપ ન જોડાયા હોવ તો આજે જ આપનો ડેટાબેઝ (નામ અને સંપર્કની વિગતો) ઈ-મેઇલ (nrgfoundation@yahoo.co.in) દ્વારા , કુરિયર કે પોસ્ટ દ્વારા મોકલી ગુજરાત રાજ્ય બિન-નિવાસી પ્રતિષ્ઠાન સાથે જોડાવા હાર્દિક આહ્વાન છે.

## બિન-નિવાસી ગુજરાતીઓને ક્ષેત્રિય કક્ષાએ સુવિધાઓ પુરી પાડતા એન.આર.જી. સેન્ટર



બિન-નિવાસી ગુજરાતીઓને ક્ષેત્રિય કક્ષાએ સુવિધાઓ પુરી પાડવા ગુજરાત રાજ્ય બિન નિવાસી ગુજરાતી પ્રતિષ્ઠાને ગુજરાતભરમાં અમદાવાદ, આણંદ, સુરત, વડોદરા, રાજકોટ અને મહેસાણા જેવા મુખ્ય શહેરોમાં એન.આર.જી. સેન્ટર્સ સ્થાપ્યા છે જે બિન નિવાસી ગુજરાતીઓને સુવિધાઓ પુરી પડે છે.

આ સેન્ટર્સ નીચે પ્રમાણેની સુવિધાઓ પુરી પડે છે.

- પ્રવાસન માર્ગદર્શન
- નિવાસ માર્ગદર્શન
- તબીબી સેવાઓમાં માર્ગદર્શન
- વ્યાપાર તકો અંગે માર્ગદર્શન
- શૈક્ષણિક તકો અંગે માર્ગદર્શન
- વિદેશી ચલણ મેળવવા અંગે માર્ગદર્શન
- ખરીદી અંગે માર્ગદર્શન
- બિન નિવાસી ગુજરાતી ડિરેક્ટરીમાં મદદ
- ગુજરાત કાર્ડની અરજીઓ સ્વીકારવી

## ગુજરાત કાર્ડ ઓનલાઈન મેળવો



બિન - નિવાસી ગુજરાતીઓની ગુજરાત મુલાકાત યાદગાર બનાવવા ગુજરાત રાજ્ય બિન-નિવાસી ગુજરાતી પ્રતિષ્ઠાન દ્વારા 'ગુજરાત કાર્ડ' એક આગવી ઓળખ આપવામાં આવે છે. વિદેશમાં વસતા તથા ભારતમાં ગુજરાત બહાર વસતા બિન-નિવાસી ગુજરાતીઓને રૂ.૨૨૫ અથવા ૫ (પાંચ) યુ.એસ. ડોલરની નજીવી કિંમતે ગુજરાત કાર્ડ આપવામાં આવે છે. આ કાર્ડ હવે પ્રતિષ્ઠાનની વેબસાઇટ www.nri.gujarat.gov.in પરથી ઓનલાઇન ફોર્મ ભરી સાથે જરૂરી દસ્તાવેજો જોડી તેમજ પેમેન્ટ ગેટ વે દ્વારા ઓનલાઇન ફી ભરી મેળવી શકાય છે.



ઐતિહાસિક સ્થાપત્ય, પ્રાકૃતિક સૌંદર્ય અને લોકસંસ્કૃતિનો ત્રિવેણી સંગમ

# કલેશ્વરી સ્મારક સંકુલ

ભારતમાં એવાં કેટલાંય ઐતિહાસિક સંકુલો છે જ્યાં એક કરતાં વધારે ઐતિહાસિક સ્મારકો આવેલાં છે. ગુજરાતની વાત કરીએ તો જુનાગઢનો ગીરનાર અને ઉપરકોટ, વઢવાણ અને વિજયનગર પોળો ફોરેસ્ટ, પાવાગઢ અને ચાંપાનેર તથા રાજપીપળા આવે છે, પાટણ પણ ઐતિહાસિક જ છે, મોઢેરા પણ આવું જ એક રક્ષિત સ્મારક સંકુલ છે, અમદાવાદમાં સરખેજનો રોજો એ આવું જ સ્મારક સંકુલ છે, ધોળકામાં પણ ઐતિહાસિક સ્મારકો ઘણાં છે અને ડભોઈમાં પણ! આમાંથી ચાંપાનેરનો સમાવેશ તો વર્લ્ડ હેરીટેજ સાઈટમાં થયો છે! મહીસાગર જીલ્લો થોડાંક સમય પહેલાં જ અસ્તિત્વમાં આવ્યો છે. એ પહેલા પંચમહાલ જીલ્લાનો એક ભાગ હતું એ મહીસાગર જીલ્લામાં લુણાવાડા પાસે લવાણા ગામમાં એક આખેઆખું પૌરાણિક ઐતિહાસિક સ્મારક સંકુલ આવેલું છે જેની બહુ ઓછાંને ખબર છે! ગોધરાથી આશરે ૬૫ કિ.મી. અને લુણાવાડાથી આશરે ૨૨ કિ.મી.ના અંતરે ખાનપુર તાલુકાના બાબલીયા ગામથી પૂર્વ તરફ તાલુકા મથક બાકોર ગામના રસ્તે લવાણા નામના ગામની પાસે આવેલું આ શિલ્પ-સ્થાપત્ય પુરાતત્વવિદો તથા પ્રાકૃતિક સૌદર્યને લીધે હવે સહેલાણીઓ માટે એક આકર્ષણનું કેન્દ્ર બનેલ છે.

મહીસાગર જીલ્લાના ખાનપુર તાલુકામાં આવેલું એક હજારની વસતી ધરાવતું લવાણા ગામ ઐતિહાસિક સ્મારકોનું ગામ છે. આ વિસ્તાર ડુંગરો, તળાવો અને ઘેઘુરી વનરાજીઓ અને કોતરોથી ઘેરાયેલો છે જેને કલેશ્વરી પરિસર પણ કહેવામાં આવે છે. લવાણા ગામનું આ પૌરાણિક ઐતિહાસિક સંકુલ આજે પુરાતત્વ ખાતા અને વનવિભાગનાં અથાગ પરિશ્રમને કારણે એક સુંદર એક-દિવસીય પિકનિકનું સ્થાન બની ગયું છે. ૩૮૬ હેકટરમાં પથરાયેલા લવાણા ગામમાં ૧૪મી સદીની બનેલી અને એક સાથે આવેલી ગુજરાતની એકમાત્ર સાસુ-વહુની બે વાવ, શિલાલેખવાળું મંદિર, પ્રાચીન મંદિર, કુંડ, શિકારમઢી, ભીમચોરી, અર્જુનચોરી અને ત્રણ પ્રવેશદ્વારવાળું મંદિર મુખ્ય જોવાલાયક શિલ્પ સ્મારકો છે. આ તમામ સ્થાપત્ય-શિલ્પ, કલેશ્વરી કે કલેશ્વરી નાળ તરીકે ઓળખાતા વિસ્તારમાં આવેલાં છે.

કલેશ્વરીનાળ શબ્દને સમજીએ. એક અતિપ્રાચીન વસાહત જે લાવણેશ્વરીને નામે ઓળખાતી હતી જે આજે પણ લાવણાનાં નામે જ ઓળખાય છે, એ આખી વસાહત બંધ અને એનાથી બનેલાં સરોવર પાસે વસતી હતી. પહેલાના સમયમાં આ સ્થળે જવા-આવવા માટે બાકોરથી ત્રણ માઈલ દૂર વસ્નાના મુવાડા (ગાંધીઓના મુવાડા) થઈ ખેતરોમાંથી કાચા રસ્તે ડુંગરોની વચ્ચેથી જવાતું (હાલ આ રસ્તો બંધ થઈ ગયેલ છે). દિવસે પણ સૂર્યના દર્શન દુર્લભ હોય એવું ગીચ જંગલ અહીં હતું. સ્ટેટ સમયમાં અને આઝાદી પછીના સમયમાં જંગલો કપાઈ જતા આ ગીચતા ઓછી થઈ ગઈ છે. જંગલ, ઝાડીવાળી આ સુંદર જગ્યાએ ડુંગરો વચ્ચેના ભાગથી - નાળ (નાળીયું)થી જવાતું તેના ઉપરથી કલેશ્વરીનાળ તરીકે આ સ્થળ જાણીતું બન્યું હશે. ડુંગરોની હારમાળા ઉપર વિસ્મયતા જગાડે એવી શિલ્પકલાઓ અહીંના સ્થાપત્યમાં વિવિધ સ્વાંગ સજી મૂર્તિમંત સ્વરૂપમાં હયાત હોવાથી આ સ્થાનનું નામ કલેશ્વરી પડ્યું હશે. કલેશ્વરી શબ્દ અપભ્રંશ છે. તેની ઉત્પત્તિ કલાશ્રી અથવા કલહ + હરી (ક્લેશ, સંતાપનું હરણ કરનારી) એવી રીતે થઈ શકે છે. આંકડાશાસ્ત્ર પ્રમાણે જોઈએ તો, કળશી એટલે ૧૬ (સોળ), (કોડી એટલે વીસ)ની સંખ્યા પ્રમાણે કળશીમાતા ઉપરથી કલેશ્વરીમાતા પડ્યું હોય તેમ માની શકાય અને આ માતાના સ્થાનક મંદિરમાં સોળ થાંભલા હોય તે યોગ્ય લાગે છે. કલેશ્વરીનાળ સ્થળમાં છેક ૧૦મી સદીથી લઈને ૧૯મી સદી સુધીના શિલ્પ-સ્થાપત્ય આવેલા છે. જેમાં કુલ ૯ રાજ્ય રક્ષિત સ્મારકોનો સમાવેશ થાય છે. જેની આપણે વિસ્તારથી માહિતી જાણીશું.

કલેશ્વરી પરિસરમાં ગામના દરવાજામાં દાખલ થઈને જવાય છે. સુંદર પથ્થરના રસ્તા પર થઈને દાખલ થતાં જ કોઈ અભ્યારણમાં દાખલ થતાં હોઈએ એવું લાગે. અહીં પક્ષીઓ અને પશુઓ પણ જોવાં મળે છે. અહીંના વૃક્ષો અને ફૂલો ખૂબ જ સુંદર રીતે માવજતથી ઉછેરાયેલાં છે જે આપણને જંગલની યાદ અપાવે છે. આ આખો વિસ્તાર પૌરાણિકકાળમાં હિડિંબા વન તરીકે જાણીતો હતો અને એટલાં માટે જ અહીંના સ્મારકોને મહાભારતના પાત્રોના નામ અપાયેલાં છે.

અહીં મૂળ શિવ મંદિર છે જેને મૂલપ્રસાદ અને સભામંડપ પણ કહેવામાં આવે છે એ ૧૦મી સદીમાં બનેલું છે. આ મંદિર સમય જતા ખંડેર બની ગયું. તેની પાસે જે એક વિશાળ કુંડ છે તે ૧૧મી સદી કે ૧૨મી સદીમાં બનેલો છે. અહીં આવેલી બન્ને વાવો ૧૪મીથી ૧૫મી સદી દરમિયાન બનેલી છે. જ્યારે ભીમચોરી પણ ૧૪મી કે ૧૫મી સદી દરમિયાન બનેલી છે. અહીંનું મુખ્ય આકર્ષણ હિડિંબા મંદિર એ ૧૫મી થી ૧૬મી સદી દરમિયાન બન્યું હતું.



# સાસુ-વહુની વાવ

ગુજરાતમાં વાવનું સ્થાપત્ય પ્રાચીન સમયથી જોવા મળે છે. અહીંની એક વાવ સાસુની વાવ તરીકે ઓળખાય છે. જ્યારે તેનાથી થોડે દૂર એક અન્ય વાવ આવેલ છે. આ બંને વાવ એકબીજાની નજીક છે. વાવના નામ માટે કોઈ આધારભૂત પુરાવો ન મળવાથી લોકપ્રિય સામાજિક પાત્રો ‘સાસુ વહુ’ નામ વાવ માટે સુલભ બનેલું જણાય છે. સાસુની વાવમાં ઉતરતા એક ગોખમાં લજ્જાગૌરી-નંદિશ્વરનું શિલ્પ છે, જ્યારે તેની સામેના ગોખમાં શિલ્પ ખંડિત થયેલ છે. નીચે ઉતરતા વિશ્રામ સ્થળના એક ગોખમાં નવગ્રહ પટ્ટ છે. જ્યારે બીજામાં દશાવતાર પટ્ટ છે. વધારે નીચે ઉતરતા વિશ્રામ સ્થળના બંને ગોખમાંથી એકમાં નાગ પર સૂતેલા વિષ્ણુ તથા અન્યમાં વૈષ્ણવી માતાની બે પ્રતિમાઓ સ્થિત છે. સપ્તમાર્તિકા એટલે કે સાત માતાઓનું શિલ્પ પણ અતિપ્રખ્યાત છે.

વહુની વાવનું નિર્માણ સાસુની વાવ પછી થોડા સમયમાં જ થયું હશે તેમ જણાય છે. આ વાવ નંદા પ્રકારની અને પ્રમાણમાં સાદી છે. વાવના ગોખમાં દેવ પ્રતિમા, નાગ પર સૂતેલા વિષ્ણુ, જળ દેવતાના શિલ્પો જોવા મળે છે. વાવના દક્ષિણ ભાગમાંથી દાખલ થઈને ચાર-પાંચ પગથિયાં ચઢીએ તો ઉત્તર-પશ્ચિમમાં એક ભાગમાં દશાવતારનાં શિલ્પો છે અને બીજા ભાગમાં ભગવાન વિષ્ણુના, જેની જમણી બાજુએ શેષશાયી ભગવાનનું એક અતિસુંદર શિલ્પ છે. અહીં પણ સપ્તમાર્તિકાનું શિલ્પ છે જે ભગવાન વિષ્ણુના શેષશાયી શિલ્પની ડાબી બાજુએ છે. આ વાવની એક વિશેષતા એ પણ છે કે અહીં કોતરણીવાળાં ગોખ છે જે વાવની ઊંડાઈનાં માપદર્શક છે.

હિડિંબા કુંડની ઉત્તર-પશ્ચિમે સાસુની વાવ અને વહુની વાવ સ્થિત છે. લોકવાયકા એવી છે કે સાસુએ વહુને પાણી આપવાનો ઇનકાર કરી દીધો એટલે વહુને ચાટી ગયું એટલે એણે પોતે જ એક નવી વાવ આ સાસુની વાવની બાજુમાં બંધાવી દીધી જેમાંથી પોતે જ પોતાની રીતે કોઈની પરવા કર્યા વગર પાણી પી શકે. જોકે આ માત્ર લોકવાયકા છે જેનું કોઈ ઐતિહાસિક પ્રમાણ નથી.

વહુની વાવ સાસુની વાવ કરતાં લાંબી પણ ઓછી ઊંડી છે. આ બંને વાવો બાંધકામની દૃષ્ટિએ નંદા પ્રકારની વાવો છે જે ઇસવીસનની ૧૪મી-૧૫મી સદીમાં બનેલી છે અને એની સ્થાપત્યકળા અને કોતરણીવાળાં શિલ્પો માટે જાણીતી છે. સાસુની વાવ એ પહોળી છે જ્યારે વહુની વાવ એ પ્રમાણમાં એના કરતાં તો નાની છે. આ વાવને ચાર પેવેલિયન ટાવર્સ અને ચાર મંડપ છે જે કોઈ પણ જાતના સ્તંભો વગર બનેલાં છે. એનું બાંધકામ શૈલીગત રીતે રૂચક પ્રકારનું છે. વહુની વાવ બે માળની છે જ્યારે સાસુની વાવ ચાર મજલી છે. આખા સંકુલમાં આ બે વાવો તો ખાસ જોવાં જેવી છે.




# કલેશ્વરી મંદિર

શિલાલેખવાળા મંદિર તરીકે ઓળખાતું આ સ્મારક હાલમાં ફક્ત મંડપના સ્વરૂપમાં છે. આખા સચવાયેલા અને દસ અડધા સ્તંભો પર ટેકવેલ સમતલ મંડપ સાદો છે. તેની દિવાલમાં પાછળથી બનાવેલ ગોખમાં નટરાજની પ્રતિમા છે જેને લોકો કલેશ્વરી માતા તરીકે પૂજે છે. આ મંડપના એક સ્તંભ પર લુણાવાડાના યુવરાજે (સંભવતઃ માલો રાણો) ઈ.સ. ૧૫૪૯માં જિર્ણોદ્ધાર કરાવ્યાનો ઉલ્લેખ છે. લેખ ઘસાયેલો હોઇ સ્પષ્ટ માહિતી મળી શકતી નથી. આ કલેશ્વરી કે કલેશ્રી માતા મંદિર ઘુમ્મટવાળા મંદિરની ઉત્તરે સ્થિત છે. કલેશ્વરી એ અહીંના સ્થાનીય લોકોની લોકદેવી છે જે અહીંની લોકકથામાં વણી લેવાઈ છે.



# શિકારમઢી

શિકારમઢી સ્થાપત્ય એ બીજા સ્થાપત્યની સરખામણીએ અર્વાચીન જણાય છે. લુણાવાડાના રાજવી આ સ્થળે ગાઢ જંગલ હોવાથી શિકાર માટે આવતા. અહીં પડેલ પ્રાચીન ભગ્નાવશેષોનો ઉપયોગ કરી રાત્રી રોકાણ માટે વખતસિંહે બંગલો બનાવ્યો જે શિકારમઢી તરીકે જાણીતો થયો. વખતસિંહનો સમયગાળો ઇસ. ૧૭૩૫-૧૭૫૭નો છે. આ સ્મારકનું સ્થાપત્ય તરીકે કોઈ મૂલ્ય નથી કેમ કે તે પ્રાચીન ભગ્નાવશેષોને ગોઠવીને જ બનાવ્યું છે. જો કે તેમાં જડવામાં આવેલા શિલ્પો બેનમૂન છે. આ શિલ્પો ભગ્ન થયેલા દેવાલયોના ભાગ છે. શિલ્પમાં નૃત્યગણેશ, મહિષમર્દીની, વિષ્ણુ, ચામુંડા, વારાહી, દર્પણકન્યા તથા કામશિલ્પો એક સિધ્ધહસ્ત શિલ્પીનો પરિચય આપે છે. આ શિલ્પો દસમી સદીના બનેલાં છે. કેટલાંક શિલ્પો અહીંની ગેલેરીમાં સુરક્ષિત રાખવામાં આવ્યાં છે.




શિલાલેખવાળા મંદિરની સામે આ મંદિર ઘુમ્મટવાળા મંદિર તરીકે ઓળખાય છે. આ મંદિર એક નષ્ટ થઈ ગયેલા પ્રાચીન મંદિરની જગ્યાએ ઊભું કરવામાં આવ્યું છે. નષ્ટ થયેલા મંદિરના ભગ્નાવશેષો આ વિસ્તારના પ્રાચીનતમ અવશેષો હોય તેમ જણાય છે. સંભવતઃ આ મંદિર ૧૦મી સદી કે તે પહેલાનું હોઇ શકે. જે મંદિર હાલમાં ઊભું છે તે અર્વાચીન છે. પરંતુ તેની દિવાલમાં જડવામાં આવેલા શિલ્પો પ્રાચીન છે. આ મંદિર લુણાવાડાના રાજવી વખતસિંહે બંધાવ્યુ હશે તેમ જણાય છે. આમ, ઘુમ્મટવાળું મંદિર ૧૦મી સદીના મૂળ મંદિરની મૂર્તિઓ અને સ્તંભોમાંથી પુનઃસ્થાપિત કરવામાં આવ્યું છે. મૂળ મંદિરનું નિર્માણ ઉત્તર ભારતીય મંદિર સ્થાપત્યની મહા-ગુર્જરા શૈલીમાં કરવામાં આવ્યું હતું, જેના શિલ્પોમાં દ્રવિડ શૈલીનો પ્રભાવ જોવા મળતો હતો. પુનઃસ્થાપિત થયેલું મંદિર મૂળ મંદિરના ગર્ભગૃહનું પુનઃનિર્માણ કરીને ઓછા કદમાં બાંધવામાં આવ્યું છે, જેને આંશિક રીતે 'આધારશિલા' તરીકે ઓળખી શકાય છે. મંદિરના મધ્ય ભાગમાં દીપકો, વ્યાલ અને અપ્સરાઓ બિરાજમાન છે. એક શિલ્પ મહિષાસુરમર્દીનીનું પણ છે જે શિવલીંગની સાથે જ જડેલું છે. સ્તંભો અષ્ટકોણીય છે અને વચ્ચેથી ૧૬ ખુણીય છે જે ઉપર જતાં ગોળાકાર બની જાય છે.




જળસંગ્રહના અલગ સ્થાપત્ય પ્રકારોમાં કુંડ પ્રાચીન સમયથી જાણીતો છે. હિડિંબા કુંડ તરીકે ઓળખાતો કુંડ ૨૨ મીટરનો લગભગ સમચોરસ કુંડ છે. આ કુંડ લગભગ ૧૧મી કે ૧૨મી સદીમાં લૈટેરાઈટ પ્રકારના રેતીના પથ્થરો દ્વારા બાંધવામાં આવ્યો હોવાનું મનાય છે. કુંડના સ્થાપત્યનો હેતુ એક સાથે ઘણા લોકો પાણીનો ઉપયોગ કરી શકે તેમ હોઇ તેની ચારેય બાજુએથી પાણી સુધી પહોચવા વિશિષ્ટ સોપાન શ્રેણીની રચના કરવામાં આવેલ છે. કુંડની પ્રત્યેક બાજુની ધાર પર કાટખુણે ઉતરતા ક્રમમાં પાંચ પગથીયાં છે જે કુંડના નીચલા સ્તર તરફ લઈ જાય છે. કુંડની પાળના મધ્ય ભાગે તથા પગથિયાંની બાજુમાં દેવશિલ્પો માટે ગોખ કરવામાં આવેલ છે. કુંડના ગોખમાં નાગ પર સૂતેલા વિષ્ણુ અને શિવના શિલ્પો છે. કુંડની અંદરની તરફ દરેક દિવાલની મધ્યમાં વિશિષ્ટ પ્રકારની એક જ પથ્થરમાંથી કોતરાયેલી તથા વિશિષ્ટ અંગભંગીમાઓ ધરાવતી મૂર્તિઓ છે. કુંડમાં આવતું પાણી ગળાઈને આવે તે માટે ગળણીની પણ સુવિધા કરવામાં આવી છે. પરંપરાગત રીતે આ કુંડનું પાણી ધાર્મિક વિધિવિધાન અને તેને લગતા સ્નાન માટે જ વપરાતું, પીવાં માટે નહીં.




શિકારમઢીની પૂર્વમાં એક નાનકડી ટેકરી પર ૨૩૦ પગથિયાં ચડીને ઉપર જઈએ તો નયનરમ્ય અને ખૂબસૂરત નજારાવાળી જગ્યાએ એક સ્મારક સ્થિત છે જેને ભીમચોરી કહેવામાં આવે છે. ટેકરી પર આવેલું આ સ્મારક સૌથી વધારે નુકસાન પામેલું છે. સમગ્ર ભારતમાં પાંડવોના નામ સાથે કોઈને કોઈ સ્થળ જોડી દેવાની પરંપરા જોવા મળે છે. તે મુજબ આ શિવાલયને ભીમચોરી નામ આપવામાં આવેલ છે. સ્થાપત્યની શૈલીને જોતા આ મંદિરનો નિર્માણકાળ ચૌદમી કે પંદરમી સદીનો ગણી શકાય. એના ૪ સ્તંભો અને મંડપનો નીચેનો ભાગ સિવાય આખું મંદિર ફરીથી બનાવવામાં આવ્યું છે. આની છત ખુબ જ સુંદર કોતરણીવાળી છે અને એ એના ગણેશનાં શિલ્પો માટે ખુબ જ જાણીતી છે.




ભીમચોરીની ઉત્તરે ફક્ત ગર્ભગૃહ અને દ્વારશાખના કેટલાક અંગોવાળુ આ સ્મારક અર્જુનચોરી તરીકે ઓળખાય છે. અલંકૃત દ્વારશાખ મંદિરની બેનમૂન શિલ્પકલાનો પરિચય કરાવે છે. ૧૫મી-૧૬મી સદી દરમિયાન બનેલું આ પણ એક અતિપ્રાચીન શિવ મંદિર છે. એનું મુખ્યદ્વાર અને પાયાનાં ભાગોનાં શિવના સ્થાપત્યો-શિલ્પો તથા તેનો ઉપરી ભાગ જ્યાં પણ શિવજીના સ્થાપત્યો છે તેને ફરીથી ઊભાં કરવામાં આવ્યાં છે.



## હિડિંબા મંદિર

ભીમચોરીની ઉત્તરે આવેલા આ સ્થાપત્યનો ફક્ત નીચેનો ભાગ-તળિયું હાલમાં જોવા મળે છે જેથી આપણે સ્થાપત્યના પ્રકાર વિશે સ્પષ્ટ તારણ કાઢી શકતા નથી. સ્થાપત્યના મધ્ય ભાગમાં સામાન્ય કરતા મોટા પગના અવશેષો જોવા મળે છે. લોકોમાં આ પગલા વિશે લોકવાયકાઓ પ્રચલીત છે. કેટલાક લોકો તેને ભીમના પગલા તરીકે તો કેટલાક હિડિંબાના પગ તરીકે ઓળખાવે છે જેથી આ સ્થાપત્ય હિડિંબા મંદિર તરીકે ઓળખાય છે. રાક્ષસી હિડિંબા ભીમની પત્ની હતી. અહીં એક વિશાળ કદની હિડિંબાની મૂર્તિ પ્રસ્થાપિત કરવામાં આવી હતી અને એના જ નામ પરથી આ વનનું નામ હિડિંબા વન પડ્યું હતું એવું કહેવાય છે. આ મૂર્તિમાંથી અત્યારે તો માત્ર પગનો ભાગ જ હયાત છે.



## મેળો

કલેશ્વરી ધામમાં વાર્ષિક આદિવાસી મેળો મહાશિવરાત્રીએ અને જન્માષ્ટમીએ ભરાય છે જેમાં ઘણાં લોકકલાકારો પણ ભાગ લે છે. મેળામાં આદિવાસી સંગીત અને નૃત્યો એનું મુખ્ય આકર્ષણ છે. આ સ્થળ શ્રાવણ માસના પવિત્ર દિવસોમાં તથા જન્માષ્ટમીના મેળામાં સોળે કળાએ ખીલી ઉઠે છે. એવું કહેવાય છે કે જન્માષ્ટમીના મેળાની શરૂઆત પાંચસો-સાતસો વર્ષ પહેલાં બાકોરિયા ડામોર જાતિના લોકોએ કરી હતી. બાકોરિયા ડામોરની વસતી જુદાજુદા બાર જેટલાં ગામોમાં એક જ પરિવારમાંથી વસેલી છે. વર્ષમાં એક દિવસ સૌ હળેમળે આનંદપ્રમોદ કરે એ માટે બાકોરના પોલીસ પટેલ શંકરભાઈ ડામોરના પૂર્વજોએ મેળાની શરૂઆત કરી હતી.

આ મેળાનો ઉલ્લેખ શ્રી પન્નાલાલ પટેલે એમની પ્રખ્યાત નવલકથા 'મળેલા જીવ'માં કર્યો છે અને એમની બીજી એક સરસ નવલકથા જેનાં પરથી એ જ નામની એક ગુજરાતી ફિલ્મ બની હતી તે 'માનવીની ભવાઈ'નાં કેટલાંક દૃશ્યો પણ આ સ્મારક સંકુલમાં ફિલ્માવાયા હતાં.

શ્રાવણ માસમાં લોકો અહીં દર્શન કરવા દૂરદૂરથી આવે છે અને બાધા-માનતા માને છે. આ મેળો આદિવાસીઓ અને વિચરતી વિમુક્ત જાતિઓના વારસાને સમૃદ્ધ કરવા અને તેને વાચા આપવા માટે ઉજવવામાં આવે છે. કલેશ્વરીના આ પરંપરાગત મેળામાં



કલેશ્વરી સ્મારક સંકૂલનો નકશો


સાહિત્યરસિકો, અભ્યાસુઓ, પ્રકૃતિપ્રેમીઓ, પ્રકૃતિની વચ્ચે મેળાને જીવંત નિહાળવા, આદિજાતિ સંસ્કૃતિ તેમજ પ્રકૃતિની સાથે એકરૂપ થવા આવે છે. વિવિધ સ્થાનોમાંથી આવેલા લોકકલાકારો પોતાની કલા રજૂ કરે છે અને ઉપસ્થિત જનમેદની તેમનો ઉત્સાહ વધારે છે. ભજનકીર્તન, લોકકલાઓ પ્રસ્તુત થાય છે.

રાજ્ય સરકારના પ્રવાસન અને વન વિભાગ દ્વારા ઈકોટુરીઝમ વિકસે તે માટે આ સ્થળે વન પ્રશિક્ષણ કેન્દ્ર અને રોકાવવા માટે ટેન્ટ વ્યવસ્થા કરવામાં આવી છે. જિલ્લા પ્રવાસન અને વન વિભાગ દ્વારા આ સ્થળના વિકાસ માટે પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે.



Sources & Photo Courtesy : International Journal of Research in all Subjects in Multi Languages (January 2014), www.etvbharat.com, https://jeevanshailee.com, https://shareinindia.in, www.divyabhaskar.co.in)

‘તારક મહેતાકા ઉલ્ટા ચશ્મા’ સીરિયલમાં નટુકાકા અને ગડા ઈલેક્ટ્રોનિક્સના મેનેજર એવા નટુકાકાથી જાણીતા બનેલા ઘનશ્યામ નાયકનું ૭૭ વર્ષની ઉંમરે કેન્સરની બીમારીના કારણે ત્રીજી ઓક્ટોબરે નિધન થયું. ઘનશ્યામ પ્રભાકર નાયકને ગુજરાતી મૂળના જાણીતા અભિનેતા, પાર્શ્વગાયક અને ડબિંગ કલાકારની સાથે ‘મુંબઇનો રંગલો’ તરીકે પણ ઓળખવામાં આવે છે. આઠ વર્ષની ઉંમરથી અભિનયની શરૂઆત કર્યા બાદ રંગભૂમિ તેમજ ભવાઇ ઉપરાંત એમણે ઘણાં



# ઘનશ્યામ નાયક

હિન્દી અને ગુજરાતી ચલચિત્રોમાં અભિનય કરેલો છે. જોકે દૈનિક ધારાવાહીક ‘તારક મેહતાકા ઉલ્ટા ચશ્મા’માં તેઓએ ભજવેલા નટવરલાલ પ્રભાશંકર ઊંઢાઈવાલા (નટુ કાકા)ના પાત્રથી તેમને ખૂબ પ્રસિદ્ધિ મળી. તેઓ વર્ષોથી રંગભૂમિના ‘રંગલો’ શ્રેણીના ભવાઇ નાટકોમાં ભાગ લેતા આવ્યા છે.

ઘનશ્યામ નાયકનો જન્મ ૧૨ મે, ૧૯૪૫ના રોજ મહેસાણા જિલ્લાનાં વડનગર તાલુકાના ઊંઢાઈ ગામમાં થયેલો. કારકિર્દીમાં તેઓએ લગભગ ૧૦૦ જેટલાં નાટક અને ૨૨૩ ચલચિત્રોમાં કામ કર્યું હતું. જૂન મહિનામાં કેન્સરની સારવાર સમયે નટુકાકાએ તેમની છેલ્લી ઈચ્છામાં જણાવ્યું કે હું જીવનના અંતિમ શ્વાસ સુધી કામ કરવા ઈચ્છું છું. તેઓએ એમ પણ કહ્યું હતું કે જ્યારે તેમનું નિધન થાય તો તેઓ મેકઅપ સાથે જ દુનિયા છોડવા ઇચ્છે છે. ગત વર્ષે ઘનશ્યામ નાયકે ગળાનું ઓપરેશન કરાવ્યું હતું. આ પછી તેઓએ કામ કરવાનું શરૂ કર્યું ત્યાં જ આ વર્ષે એપ્રિલમાં તેમને કેન્સરનું નિદાન થયું હતું.

તેમની સૌથી પહેલી ગુજરાતી ફિલ્મ વર્ષ ૧૯૬૮માં આવેલી ‘હસ્તમેળાપ’ હતી. રમેશ મહેતાની પણ આ પ્રથમ ફિલ્મ હતી. આ ફિલ્મમાં નરેશ કનોડિયા મુખ્ય કલાકાર હતા જ્યારે મહેશ કનોડિયાનું સંગીત હતું. તેમને પાર્શ્વગાયક બનવા માટે મહેશ કનોડિયાએ પ્રોત્સાહિત કર્યાં હતા. ‘વેણીના ફૂલ’ ફિલ્મમાં પણ તેમણે કામ કર્યું હતું જેના દિગ્દર્શક મનુકાન્ત પટેલ હતા. તેમણે ડોશીમાંના અવાજમાં ‘દાદીમા અનાડી’ ગીત ગાયું હતું. અત્યાર સુધીની કારકિર્દીમાં તેમણે સુમન કલ્યાણપુર, મહેન્દ્ર કપૂર, આશા ભોંસલે, પ્રિતી સાગર સહિતના ખ્યાતનામ કલાકારો સાથે કામ કર્યું, જેમાં હાસ્ય ગીતોનો પણ સમાવેશ થાય છે. ઉપરાંત તેમણે કચ્ચેધાગે, ઘાતક, હમ દિલ દે ચૂકે સનમ, બરસાત, આશિક આવારા, તિરંગા જેવા હિન્દી ચલચિત્રોમાં પણ અભિનય કર્યો છે. તેમણે કારકિર્દીની શરૂઆત ‘પાનેતર’ નાટકથી કરી હતી.

ઘનશ્યામ નાયકના પિતા પ્રભાકર નાયક (પ્રભાકર કિર્તિ) તથા દાદા કેશવલાલ નાયક (કેશવલાલ કપાતર) પણ નાટ્ય અને ચલચિત્રોના કલાકાર રહી ચૂક્યા છે. તેમના વડદાદા, વાડીલાલ નાયક, શાસ્ત્રીય સંગીતના શોખીન હોવાની સાથે ધરમપુર અને વાંસદાના રાજવી પરિવારના સંગીતાલયમાં સંગીતના આચાર્ય હતા. તેમનો પરિવાર છેલ્લી ચાર પેઢીથી કલાને સમર્પિત રહ્યો છે.




૧૯૮૬ની લોકપ્રિય પૌરાણિક સીરિયલ ‘રામાયણ’માં રાવણનું પાત્ર ભજવી અત્યંત લોકપ્રિય બનેલા પીઢ અભિનેતા અરવિંદ ત્રિવેદીનું પાંચમી ઓક્ટોબરે રાતે હૃદયરોગનો હુમલો થવાથી નિધન થયું હતું. તેઓ ૮૨ વર્ષના હતા.

મૂળ ઈડરના કુકડિયા ગામના વતની અને પૂર્વ સાંસદ અરવિંદ ત્રિવેદીનો જન્મ મધ્ય પ્રદેશના ઉજ્જૈન શહેર ખાતે થયો હતો. તેમણે ગુજરાતી રંગમંચ દ્વારા પોતાની કારકિર્દી શરૂ કરી હતી. તેમના ભાઈ ઉપેન્દ્ર ત્રિવેદી પણ ગુજરાતી સિનેમાનું ચર્ચિત નામ રહ્યા છે. અરવિંદ ત્રિવેદીને ગુજરાતી ભાષાની ધાર્મિક અને સામાજીક ફિલ્મો દ્વારા ગુજરાતી દર્શકોમાં ઓળખાણ મળી હતી અને તેમણે ૪૦ વર્ષ સુધી પોતાનું યોગદાન આપ્યું હતું.

અરવિંદ ત્રિવેદીએ ૩૦૦ જેટલી ગુજરાતી ફિલ્મોમાં કામ કર્યું છે. ‘સંતુ રંગીલી’, ‘હોથલ પદમણી’, ‘કુંવરબાઈનું મામેરું’, ‘જેસલ-તોરલ’ અને ‘દેશ રે જોયા દાદા પરદેશ જોયા’ જેવી અનેક ગુજરાતી ફિલ્મોમાં અભિનય કરીને લોકપ્રિયતા મેળવી છે. અરવિંદ ત્રિવેદીએ ‘પરાયા ધન’, ‘આજ કી તાજા ખબર’ જેવી હિન્દી ફિલ્મોમાં પણ અભિનય કર્યો હતો. આ ઉપરાંત તેમણે ‘વિક્રમ ઔર બૈતાલ’ (૧૯૮૫) સિરિયલમાં પણ અભિનય કર્યો હતો.

રામાનંદ સાગરની ‘રામાયણ’માં રાવણની ભૂમિકા નિભાવ્યા બાદ તેઓ સમગ્ર દેશમાં જાણીતા બની ગયા હતા. ત્યાર બાદ તેઓ ‘લંકેશ’નાં નામથી ઓળખાવા લાગ્યા હતા.

તેમને શાનદાર અભિનય માટે ગુજરાત સરકારથી લઈને દેશ અને દુનિયાની અનેક સંસ્થાઓએ પુરસ્કારો આપીને સન્માનિત કર્યા છે. ગુજરાતી અને હિન્દી ફિલ્મોમાં સફળ રહેલાં અરવિંદ ત્રિવેદી અનેક સામાજિક કાર્ય કરનારી સંસ્થાઓ સાથે સંકળાયેલા હતા.

અભિનય કારકિર્દી ઉપરાંત ૧૯૯૧માં અરવિંદ ત્રિવેદી સાબરકાંઠાની સંસદીય બેઠક પરથી ચૂંટાઈ આવ્યા હતા અને તેમણે સાંસદ તરીકે ૧૯૯૬ સુધી સેવા આપી હતી. ધ સેન્ટ્રલ બોર્ડ ફોર ફિલ્મ સર્ટિફિકેશન (સીબીએફસી)ના વડા તરીકે પણ ૨૦૦૨-૦૩માં અરવિંદ ત્રિવેદીએ સેવા આપી હતી.

વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ સદ્ગત અભિનેતા અરવિંદ ત્રિવેદીને અંજલિ આપતા જણાવ્યું હતું કે તેઓ ‘અસાધારણ અભિનેતા’ હતા અને જાહેર સેવામાં રત રહેતા હતા. ‘રામાયણ’ સિરીયલમાં તેમણે જે ભૂમિકા ભજવી છે તેને કારણે ભારતીય પેઢીઓમાં તેઓ લાંબો સમય સુધી યાદ રહેશે.

(Sources : https://gujarati.abplive.com, https://sandesh.com, www.gujaratsamachar.com, https://zeenews.india.com, https://sandesh.com, www.gstv.in, www.divyabhaskar.co.in)